**ઇન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA)**

તેના **આર્ટસ  પ્રેક્ટિસ** કાર્યક્રમ હેઠળ

***એક્સ્પ્લોરેશન્સ (અન્વેષણ)***

માટે અરજીઓ આમંત્રિત કરે છે

**છેલ્લી તારીખ: એપ્રિલ 19, 2024**

આર્ટસ પ્રેક્ટિસ કાર્યક્રમ એવી પરિયોજનાઓને અમલમાં મૂકવામાં પ્રયાસરત છે, જ્યાં કલાકારો એમના વર્તમાન કલાકારીના કાર્યક્ષેત્રને નવીન દિશાઓમાં વિસ્તારતા હોય. પ્રયોગશીલતાની ભાવનાને આગળ રાખી, આ પરિયોજનાઓ સ્વીકૃત પરંપરાઓને પડકારી શકે છે; સામગ્રી, સ્વરૂપ અને માધ્યમના સંદર્ભમાં નવી સીમાઓને આગળ ધપાવી શકે છે; સ્થાન, શ્રોતાઓ અને સમુદાયો સાથે જોડાણની નવી રીતોનું અન્વેષણ કરી શકે છે.

*એક ફિલ્મ નિર્માતા જૂના શહેરની યાદો પર એક અનુમાનિત કાલ્પનિક ગ્રાફિક કથા બનાવે છે,*
*એક નૃત્ય નિર્દેશક લોકવાર્તાઓને પુનઃપ્રાપ્ત કરવાના એક માર્ગ તરીકે પોતાના સમુદાય સાથે મળીને 'લોક નૃત્ય' ની રચના કરે છે,*
*એક સમકાલીન કલાકાર પરિવારના સભ્ય દ્વારા એકત્રિત કરવામાં આવતી રોજિંદી વસ્તુઓને સાચવવા માટે વર્ચ્યુઅલ મ્યુઝિયમ બનાવે છે,*
*એક સામાજિક ડિઝાઇન વ્યવસાયી ગ્રામીણ મહિલાઓના જૂથને તેમના બહારના અનુભવો પર સામૂહિક રીતે પ્રતિબિંબિત કરવા અને આર્ટવર્કની રચના કરવા માટે એકસાથે લાવે છે.*

એક કલાકાર તરીકે, આપણે કેટલીકવાર નવી અને ઉત્તેજક દિશામાં સાહસ કરવાની ઇચ્છા અથવા વિચારો અનુભવીએ છીએ. જો કે, આપણી પ્રેક્ટિસના સંદર્ભ અને સ્થાનને જોતાં, આ વિચારોમાં પ્રવેશ અસ્થાયી અને અનિશ્ચિત લાગે છે. તેઓ આપણને ક્યાં લઈ જશે તે વિશે આપણે તે સમયે કદાચ કશું જાણતા નથી. તેમ છતાં, આપણે તેમને અમલમાં મૂકવાની જરૂરિયાતને સમજીએ છીએ. આ સમયે થોડો સહકાર મદદરૂપ થઈ શકે છે.

આર્ટસ  પ્રેક્ટિસ કાર્યક્રમ હેઠળ, અમે એવાં એક્સ્પ્લોરેશન્સ (અન્વેષણ) માટે દરખાસ્તો આમંત્રિત કરીએ છીએ જેનો હેતુ ઉભરતા, હિંમતવાન અથવા અભૂતપૂર્વ વિચારો સાથે સંશોધન, પ્રયોગ અને સંલગ્ન રહેવાનો છે. **આ એક્સ્પ્લોરેશન્સ (અન્વેષણ) હંમેશા ચોક્કસ પરિણામમાં પરિણમી શકે એ જરૂરી નથી.** આ એક્સ્પ્લોરેશન્સ (અન્વેષણ)માં સંશોધન, પટકથા-લેખન, લોકેશન સ્કાઉટિંગ, એનિમેટિક્સ, જામિંગ,

સ્ટોરીબોર્ડિંગ, રિહર્સલ, સેમ્પલિંગ, રોબોટિક્સ, લેબ એક્સપ્લોરેશન અને વિચારોની શોધ કરવાના હેતુથી સંશોધન કાર્યના અન્ય વિવિધ સ્વરૂપો જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

અન્ય ભારતીય ભાષાઓમાં દરખાસ્તો માટેની આ વિનંતી-આમંત્રણના અનુવાદો વાંચવા માટે, અહીં ક્લિક કરો.

**પરિયોજનાની અવધિ:**છ મહિના સુધી

**બજેટ:** મહત્તમ રૂ. 1,00,000/- સુધી

**છેલ્લી તારીખ:** એપ્રિલ 19, 2024

## કોણ દરખાસ્ત કરી શકે છે?

અમે વિવિધ શાખાઓમાં કામ કરતા પ્રેક્ટિશનરોની દરખાસ્તોને આમંત્રિત કરીએ છીએ. આમાં સમાવિષ્ટ છે:

- સંગીત, શ્રાવ્ય, સાહિત્ય, નૃત્ય, મૂવમેન્ટ, નાટ્ય, કઠપૂતળી, વાર્તા કથન, જાદુ, સર્કસ અને અન્ય અભિનય કલાઓમાં કામ કરતા અભિનય કલાકારો
- ફિલ્મ (દસ્તાવેજી અને કાલ્પનિક), એનિમેશન, ફોટોગ્રાફી, ઇન્સ્ટોલેશન, ન્યૂ મીડિયા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટિક્સ, ઇન્ટરેક્ટિવ આર્ટ, ગેમિંગ, પેઇન્ટિંગ, શિલ્પકલા, મુદ્રણકળા (પ્રિન્ટમેકિંગ), કોમિક બુક, ગ્રાફિક નેરેટિવ, આર્ટિસ્ટ બુક અને અન્ય દ્રશ્ય (વિઝ્યુઅલ) કળા જેવાં સ્વરૂપોમાં કામ કરતા દ્રશ્ય (વિઝ્યુઅલ) કલાકારો.
- સંગ્રહાલય પરિરક્ષકો (ક્યુરેટર્સ), ખાસ કરીને જેઓ ગેલેરી સંદર્ભની બહાર કામ કરે છે.
- સાહિત્યિક કળા સાથે સંલગ્ન કવિઓ, નવલકથાકારો, નાટ્યકારો
- આંતરશાખાકીય કાર્ય સાથે સંલગ્ન પ્રેક્ટિશનરો

## પાત્રતા:

જો તમે ભારતીય નાગરિક છો, તો તમે પરિયોજનાની દરખાસ્ત મોકલવા માટે પાત્ર છો, અને તમારા સહયોગીઓ પણ ભારતીય નાગરિક હોવા જ જોઈએ. વધુ વિગતો માટે કૃપયા અહીં ક્લિક કરો.

## દરખાસ્ત રજૂઆત:

**તમે અંગ્રેજી સહિત કોઈપણ ભારતીય ભાષામાં તમારી દરખાસ્ત લખી શકો છો. આઇ. એફ. એ. અંગ્રેજી ઉપરાંત ભારતીય ભાષાઓમાં પરિયોજનાને પ્રોત્સાહિત કરે છે.**

નીચે મુજબ વિગતો સાથે અમને દરખાસ્ત મોકલશો:

- એક પ્રેક્ટિશનર તરીકે તમારી હાલની કળાની પ્રેક્ટિસ, નિસબત અને રુચિઓ
- તમે જે એક્સપ્લોરેશન (અન્વેષણ) સાધવા માંગો છો તેની વિગતો અને તેનું કારણ
- વિગતવાર સમયરેખા અને બજેટ
- અગાઉના કામના ઉદાહરણો
- સરનામું, ફોન નંબર અને ઈમેલ આઈડી સાથેનો તમારો વિસ્તૃત બાયોડેટા (સીવી)
- 12 એપ્રિલ, 2024 સુધી આઇ. એફ. એ. ના કર્મચારીઓના પ્રતિસાદ માટે લેખિત, શ્રાવ્ય અથવા દ્રશ્ય સ્વરૂપમાં તમારા પ્રશ્નો અને વિચારોનો મુસદ્દો રજૂ કરી શકો છો.
- તમારી અંતિમ દરખાસ્ત એક જ ઈમેઈલમાં 25 MB થી વધુ ન હોય તે રીતે, **19 એપ્રિલ, 2024** ના રોજ અથવા તે પહેલા આર્ટ્સ પ્રેક્ટિસના પ્રોગ્રામ ઓફિસર **શ્રી જ્હોન ઝેવિયર્સને** john@indiaifa.org પર વિષય પંક્તિ: Project Proposal for Explorations (Arts Practice) (અન્વેષણ (આર્ટ્સ પ્રેક્ટિસ) માટે પ્રોજેક્ટ દરખાસ્ત) સાથે મોકલશો.

તમારી દરખાસ્ત સંબંધિત કોઈપણ પ્રશ્ન અને સ્પષ્ટતા માટે, કૃપા કરીને john@indiaifa.org પર ઈમેલ કરશો.

## પસંદગી પ્રક્રિયા:

લાયક અને પાત્રતા ધરાવતી દરખાસ્તોનું મૂલ્યાંકન બાહ્ય તજજ્ઞોની પેનલ દ્વારા કરવામાં આવશે અને અરજદારોએ એમના પરિયોજના સંબંધિત વિચારો પેનલ સમક્ષ રજૂ કરવા જરૂરી રહેશે. અમલીકરણ માટે પસંદ કરાયેલ પરિયોજનાઓની જાહેરાત **જુલાઈ 2024**માં કરવામાં આવશે.

**પસંદ કરાયેલ તમામ પરિયોજનાઓ આઇ. એફ. એ. દ્વારા અમલમાં મૂકવામાં આવશે.**

***મહેરબાની કરીને નોંધ લેશો કે આઇ. એફ. એ. એ એક સુરક્ષિત વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છે જે બાળકો સહિત દરેકને સમર્થન, સન્માન અને રક્ષણ આપે છે. અરજદારે આ સાથે સંરેખિત હોવું જોઈએ અને તેને હંમેશા સમર્થન આપવું જોઈએ.***